સત્યમેવ જયતે

જા.નં.CPD/VANIL/પરિપત્ર/2019-20/૭૯૫૨

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લૉક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય, ગાંધીનગર.
તા૧૮/૧૦/૨૦૧૯

---

## // પરિપત્ર //

વિષય –ખાતા હસ્તકની સર્વે જિલ્લા કચેરી/સંસ્થાઓ દ્વારા વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉધોંગ ઉત્પાદિત ફર્નિચર/ચિજ વસ્તુઓની ખરીદીને જ પ્રાધાન્ય આપવા બાબત

આથી ખાતા હસ્તકની સર્વે જિલ્લા કચેરી/સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૦/૦૪/૨૦૧૯ના પત્રનં-પરચ/૧૦૨૦૧૯/૨૦૩૮૯૮/ચથી મળેલ સુચનઓ અન્વયે કચેરી ખાતેના ફર્નિચર/ચિજ વસ્તુઓની ખરીદી વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉધોંગ મારફત કરવા સુચન કરેલ છે. જે ધ્યાને રાખી હવે પછીની કચેરી વ્યવસ્થાપનને ઉપયોગી તમામ ફર્નિચર/ચિજ વસ્તુઓની ખરીદી વનિલ ઉધોંગ મારફત કરવા જણાવવામાં આવે છે.

વધુમાં ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડના તા.૦૫/૦૪/૧૯ના પરિપત્રની નકલ જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા તાત્કાલિક કાર્યવાહી અર્થે</u>

- ✓ સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવા સારુ.
- ✓ સર્વે માનદમંત્રી શ્રીઓને સબંધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી મારફતે સૂચના આપવા સારુ

150 YEARS OF CELEBRATING THE MAHATMA

પરચ/૧૦૨૦૧૯/૨૦૩૮૯૮/ચ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૪/૨૦૧૯

પ્રતિ,

- અધિક સચિવશ્રી/ સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી,
  સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,(અ.જા.ક.,વિજા.ક.,સ.સુ.)
  ડૉ.જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.

વિષય:- રાજયની આશ્રમશાળાઓ તેમજ સમાજ કલ્યાણ વિભાગો દ્વારા, વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉદ્યોગ ઉત્પાદિત ફર્નિચર/ચીજવસ્તુઓની ખરીદીમાં પ્રાધાન્ય આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમીટેડના તા.૦૫/૦૪/૨૦૧૯ ના પત્ર ક્રમાંકઃ જીએમ/સેલ/૧૦૧(એ)(૧)/૨૦૧૮ ની બિડાણ સહિત નકલ જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી અર્થે આ સાથે મોકલી આપેલ છે .

આપનો વિશ્વાસુ,

(ભૂપત ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

બિડાણ: ઉપર મુજબ

સરકારશ્રી સાથે પત્રવ્યવહાર-૨

# ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમીટેડ

(ગુજરાત સરકાર હસ્તક)

આર.કે.સુગૂર, આઇ.એફ.એસ.
મેનેજીંગ ડાયરેક્ટર

ક્રમાંક : જીએમ/સેલ/૧૦૧(એ)(૧)/૨૦૧૮/૧૧

તારીખ : ૦૫-૦૪-૨૦૧૯

**વિષય : રાજ્યની આશ્રમ શાળાઓ તેમજ સમાજ કલ્યાણ વિભાગો દ્વારા, વન વિકાસ નિગમ લિમિટેડ હસ્તકના વનિલ ઉદ્યોગ ઉત્પાદિત ફર્નિચર/ચીજવસ્તુઓની ખરીદીમાં પ્રાધાન્ય આપવા બાબત.**

સંદર્ભ : (૧) ક્રમાંક : જીએમ/સેલ/૧૦૧(એ)/૨૦૧૭/૩૪૫, તા.૮-૧૨-૧૭

(૨) ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬ ઉદ્યોગ અને ખાણ વિભાગ ઠરાવ ક્રમાંક :એસપીઓ/૧૦૨૦૧૫/ ૬૯૧૦૯૩/ચ, તા.૩-૬-૧૬

સ્નેહી શ્રી Agrawal Saheb

આપશ્રી દ્વારા અગાઉ ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડના પૂર્વ મેનેજીંગ ડાયરેક્ટર શ્રી સાથે ઉક્ત વિષય પરત્વે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ તેમજ સંદર્ભ-(૩)ના પત્રથી ૫૦૦ લાખથી વધુના બેન્ચીસ તેમજ અન્ય ફર્નિચરની ખરીદી વિના ટેન્ડરે કરાયેલ. (નકલ સામેલ છે)

વધુમાં નિવેદન કે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ સંચાલિત વનિલ ઉદ્યોગ એકમ દ્વારા ૧૦૦ જેટલા આદિવાસી કામદારોને છેલ્લા ૩૭ વર્ષથી નિરંતર રોજગારી પૂરી પાડવામાં આવી રહેલ છે. આ એકમ આઇએસઓ-૯૦૦૧ પ્રમાણપત્ર ધરાવે છે. વનિલ ઉદ્યોગ દ્વારા સરકારશ્રીના જુદા જુદા વિભાગોને વિના ટેન્ડરે ફર્નિચર સપ્લાયની વિગત દર્શાવતું પત્રક સામેલ છે.

તાજેતરમાં નિગમ દ્વારા  સરકારી કોલેજોમાં તેમજ રાજ્યની ૧૦૦થી વધુ સરકારી નિવાસી શાળાઓમાં બંક બેડ, બેન્ચ તેમજ ફર્નિચર વિગેરે પૂરા પાડવાની કામગીરી હાથ ધરાયેલ છે.

આદિવાસી કામદારોને વધુ રોજગારી મળી રહે અને આદિવાસી ઉત્થાનનો અભિગમ જળવાય રહે તે દિશામાં નિગમ ઉત્તરોત્તર પ્રગતિના ઉત્તમ હેતુને લક્ષમાં રાખી સરકારશ્રીને ગુણવત્તાસભર ફર્નિચર નિયત સમયમર્યાદામાં મળી રહે તે માટે સંદર્ભ-(૨)થી વનિલ ઉદ્યોગ એકમ પાસેથી વિના ટેન્ડરે ફર્નિચર ખરીદ કરવાનું ઠરાવેલ છે.

નિગમના વેચાણમાં વૃધ્ધિ થકી રાજ્યના વનોમાં વસતા કેટલાય આદિવાસી પરિવારોના ભવિષ્ય ઉજ્જવળ કરવામાં આપ સહભાગી થાવ છો.

જે તમામ વિગતો તેમજ અત્રેના સંદર્ભ-(૪)ના પત્ર નિગાહે લઇ સરકારી ઇજનેરી કોલેજો તથા પોલીટેકનિકો માટેનું ફર્નિચર ખરીદી અંગે સંબંધિતને યોગ્ય તે સૂચના પણ આપવા અત્રેની નમ્ર વિનંતી છે.

આપનો

આર.કે.સુગૂર

Principal Secretary
S.J.& E. Dept.
INWARD No. 203898
Date 05/04/2019

પ્રતિ

શ્રી મનોજ અગ્રવાલ, આઇએએસ
અગ્ર સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫/૯, સચિવાલય, ગાંધીનગર

JS (Coord)

10-04-19

5/4/19

5/4/19

5/4/2019



"વનગંગા", ૭૮, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭. ફોન : +૯૧-૦૨૬૫-૨૩૩૫૬૫૫, ૨૩૫૫૨૯૦, ૨૩૫૫૨૯૧, ૨૩૫૪૮૯૨
ફેક્સ : +૯૧-૦૨૬૫-૨૩૫૪૮૫૨, ૨૩૧૨૮૨૦, ૨૩૫૫૨૯૨, ૨૩૫૫૨૯૩, ૨૩૫૫૨૯૪
ઈ-મેલ : gsfdcltd@gmail.com     વેબસાઇટ : www.gsfdcltd.co.in     CIN : U02005GJ1976SGC002927

3/4/R.

F


VANIL UDYOG

GUJARAT STATE FOREST DEVELOPMENT CORPORATION LIMITED

AT & PO.NAVTAD, TALUKA-VANSDA-396 580, DIST: NAVSARI

Phone & Fax No. (O) 02630-230022 & 230020


## RATES OF TEAKWOOD FURNITURE

(w.e.f. 1-8-2018 to 30-6-2019)

| Code | Description of Item | Rate(Rs.) | |
|---|---|---|---|
| | | Without tax | WITH G.S.T 18% |
| **VSS** | **Sofaset** | | |
| VSS01 | TeakwoodVanil New Design Sofaset(R)5'-3" w/o.cushioning | 21319 | 25156 |
| VSS02 | Teakwood Vanil New Design Sofaset(R) 6'-0"w/o.cushioning | 23562 | 27803 |
| VSS03 | Teakwood Vanil Cart wheel design Sofaset 5'-3"w/o.cushioning | 27985 | 33022 |
| VSS04 | Teakwood Vanil Cart wheel design Sofaset 6'-0"w/o.cushioning | 29207 | 34464 |
| VSS05 | Teakwood Sofa-cum-Bed Set 6'-0"w/o.cushioning | 28142 | 33208 |
| VSS06 | Teakwood Saputara Design Sofaset 6'-0" w/o.cushioning | 29503 | 34814 |
| VSS07 | Teakwood Vanil Deluxe design Sofaset 5'-3" w/o.cushioning | 31217 | 36836 |
| VSS08 | Teakwood Vanil Deluxe design Sofaset 6'-0"w/o.cushioning | 32842 | 38754 |
| VSS09 | Teakwood Vanil Executive Sofaset 6'-0"w/o.cushioning | 41082 | 48477 |
| VSS10 | Teakwood Mini Sofaset 2'-6" w/o.cushioning | 7346 | 8668 |
| **VCD** | **Cot / Diwan** | | |
| VCD01 | Teakwood Cot with rings (R) 6'x3' without plywood | 11743 | 13857 |
| VCD02 | Teakwood Cot with rings (R) 6'x4' without plywood | 12524 | 14778 |
| VCD03 | Teakwood Cot New Design 6'-3" x 2'-6" without plywood | 8568 | 10110 |
| VCD04 | Teakwood Simple Cot 6'x3' without plywood | 7711 | 9099 |
| VCD05 | Teakwood Single Bed 6'x3' without plywood | 12191 | 14385 |
| VCD06 | Teakwood Hostel Bed 6'-6"x2'-6" without plywood | 9173 | 10824 |
| VDC07 | Teakwood Double Bed 6'-6"x6'-0" without plywood | 18446 | 21766 |
| VCD08 | Teakwood Box type Cot 6'-6" x 3'-0" With plywood | 23335 | 27535 |
| VCD09 | Teakwood Box type Cot 6'-3" x 4'-0" With plywood | 30215 | 35654 |
| VCD10 | Teakwood Box type Cot 6'-6" x 6'-0" With plywood | 44478 | 52484 |
| VCD11 | Teakwood Box Cot Low level 6'-0" x 3'-0" without plywood | 30996 | 36575 |
| VCD12 | Teakwood Diwan with rings ( R ) 6'x3' without plywood | 8738 | 10311 |
| VCD13 | Teakwood Diwan with rings ( R ) 6' x 2'-6" without plywood | 7799 | 9203 |
| **VCH** | **Chairs** | | |
| VCH01 | Teakwood Office Chair with arms, seat & back canning or planks | 4227 | 4988 |
| VCH02 | Teakwood Office Chair half cushion type with cushion | 7592 | 8959 |
| VCH03 | Teakwood Office Chair full cushion type with cushion | 9286 | 10957 |
| VCH04 | Teakwood Office Chair with writing pad, planks | 5040 | 5947 |
| VCH05 | Teakwood Dining Chair (Rajwadi) | 4709 | 5557 |
| VCH06 | Teakwood Dining Chair(cushion type)without cushion | 5490 | 6478 |
| VCH07 | Teakwood Dining Chair seat of ply & sunmica | 4524 | 5338 |
| VCH08 | Teakwood Dining Chair seat of ply & sunmica low back | 3931 | 4639 |
| VCH09 | Teakwood Dining Chair cushion type,without cushion | 5255 | 6201 |
| VCH10 | Teakwood Dining Chair seat cushion(New design)without cushion | 3310 | 3906 |
| VCH11 | Teakwood Dining Chair cushion low back | 5583 | 6588 |
| VCH12 | Teakwood Dining Chair planks laminate | 6143 | 7249 |
| VCH13 | Teakwood Garden Chair with head rest | 1695 | 2000 |
| VCH14 | Teakwood Garden Chair - small | 1159 | 1368 |
| VCH15 | Teakwood Relax Chair | 6061 | 7152 |
| VCH16 | Teakwood Rocking chair | 14435 | 17033 |
| VCH17 | Teakwood Kitchen Chair | 2797 | 3300 |
| VCH18 | Teakwood Dinning Chair(Aranyabhavan) | 7068 | 8340 |
| VCH28 | Teakwood Relax chair new design | 13230 | 15611 |

| VTB | Table | | |
|---|---|---|---|
| VTB01 | Teakwood Office Table sunmica top 4'x2'-6"x2'-6" | 13835 | 16325 |
| VTB02 | TeakOffice Table sunmica top,one side drawer& cabinet 5'x3'x2'-6" | 16223 | 19143 |
| VTB03 | Teakwood Office Table, one drawer only 4'x2'x2'-6" | 11794 | 13917 |
| VTB04 | Teakwood Office Table, both side drawer only 4'x2'x2'-6" | 12839 | 15150 |
| VTB05 | Teakwood Executive Table , both side drawers & cabinet 6' x 4' | 47899 | 56521 |
| VTB06 | Teakwood Office Table, with one side drawer only 3'x2'x2'-6" | 8007 | 9448 |
| VTB07 | Teakwood Office Table, both side drawer & cabinet 5'x3'x2'-6" | 30051 | 35460 |
| VTB08 | Teakwood Dining Table, having sunmica top 5' x 3' | 11435 | 13493 |
| VTB09 | Teakwood Dining Table, having sunmica top 6' x 3' | 12789 | 15091 |
| VTB10 | Teakwood Dining Table, folding top turning legs 6' x 3' | 13910 | 16414 |
| VTB11 | Teakwood Dining Table, Rectangular simple 6' x 4' | 14855 | 17529 |
| VTB12 | Teakwood Dining Table, Rectangular Corner cut 8' x 4' | 19360 | 22845 |
| VTB13 | TeakwoodDining Tableframe only,oval shape,w/o.glass 6'x3'-6" | 15687 | 18511 |
| VTB14 | Teak Dining table without frame and without glass 6' x 3'-6" | 11422 | 13478 |
| VTB15 | Teak Dining table round glass 3'-6" x 3'-6" (without glass) | 9727 | 11478 |
| VTB16 | Teakwood Dinning Table 4'-0" dia with lamination | 19607 | 23136 |
| **VTY** | **Tepoy** | | |
| VTY01 | Teakwood Four-in-one Tepoy set 21"(L)x16"(W)x18"Ht | 4996 | 5895 |
| VTY02 | Teakwood Sunmica top tepoy 3' x 1'-6" | 4382 | 5171 |
| VTY03 | Teakwood Sunmica top tepoy 2' x 1'-3" | 3208 | 3785 |
| VTY04 | Teakwood Fancy tepoy with frame without glass 3' x 1'-6" | 4286 | 5057 |
| VTY05 | Teakwood Fancy tepoy without frame & without glass 3' x 1'-6" | 4095 | 4832 |
| VTY06 | Teakwood Fancy tepoy with frame without glass 4' x 2' | 6361 | 7506 |
| VTY07 | Teakwood Rectangular glass top tepoy without glass 2.5'x1.5' | 7446 | 8786 |
| VTY08 | Teakwood Hexagonal sunmica top tepoy – 2'-6" x 2'-6" | 6170 | 7281 |
| VTY09 | Teakwood Corner tepoy without glass 1'-3" x 1'-3" x 1'-3" | 1529 | 1804 |
| VTY10 | Teakwood Corner tepoy without glass 1'-6" x 1'-6" x 1'-3" | 1706 | 2013 |
| VTY11 | Teakwood Corner tepoy without glass 2' x 2' x 1'-3" | 2061 | 2432 |
| VTY12 | Teakwood Bed side tepoy 16" x 16" x 16.5" | 4382 | 5171 |
| VTY13 | Teakwood Three-in-one(Square) tepoy set 15"x15"x15" (ht.) | 4818 | 5685 |
| VTY14 | Teakwood Hexagonal tepoy (Small) | 1208 | 1425 |
| VTY15 | Teakwood Rectangular glass top tepoy without glass 4'x2' | 10975 | 12951 |
| VTY16 | Teakwood Round glass top tepoy without glass 2'-6" dia. | 8021 | 9465 |
| VTY17 | Teakwood Centre tepoy 2'-6" x 2'-6", without glass | 4818 | 5685 |
| VTY18 | Teak Centre tepoy with drawer 21" x 21" x 18"(ht.) without glass | 9323 | 11001 |
| **VMS** | **Miscellaneous** | | |
| VMS01 | Temple (Small) 15"x15"x18" | 4702 | 5548 |
| VMS02 | Temple(Medium) – Rectangular shape | 9623 | 11355 |
| VMS03 | Temple big size 21"x21"x24" | 11725 | 13836 |
| VMS04 | Stool 15" x 15" x 42" | 3706 | 4373 |
| VMS05 | Stool 12" x 12" x 24" | 2041 | 2408 |
| VMS06 | Stool 12" x 12" x 18" | 1686 | 1989 |
| VMS07 | Bajath 20" x 20" | 1945 | 2295 |
| VMS08 | Children desk with chair(Mini Chair) | 3802 | 4486 |
| VMS09 | Flower Pot Stand | 1194 | 1409 |
| VMS10 | Rack 4'-6" x 3' x 1'-6" | 11343 | 13385 |
| VMS11 | Notice Board without glass 3'x2' | 5071 | 5984 |
| VMS12 | Rack 2'-6"x 3' x 1'-3" | 8258 | 9744 |
| VMS13 | Rack 3' x 3' x 1'-3" | 8934 | 10542 |
| VMS14 | Jhula 5' x 2' | 23389 | 27599 |
| VMS15 | Dressing Table with Stool(standard) | 11350 | 13393 |

| | | | |
|---|---|---|---|
| VMS16 | Dressing Table with puffy 3'(w)x5'(ht.)x1'-3"(T) w/o.cushion | 22727 | 26818 |
| VMS17 | T. V. Stand Laminate finish 3'-6"x2'-0"x2'-3" | 16680 | 19682 |
| VMS18 | Three seated Bench size 5'-0"x2'-6"x2'-6"(ht.) 26.4mm dia pipe steel structure with 19mm thick Marine ply + lamination | 11480 | 13546 |
| VMS19 | Teakwood Patla 2'-0"x1'-6" | 1420 | 1676 |
| VMS21 | Three seated School Bench | 5590 | 6596 |
| VMS24 | Teakwood Railing (Rate per Running meter) | | |
| | size 3"x3" (Rate per Running meter) | 1665 | 1965 |
| | Teakwood Balister simple (Rate per No.) | 689 | 813 |
| | Teakwood Balister Trishul (Rate per No.) | 1297 | 1530 |

**Note:-**

1 Rates are Ex-factory delivery i.e.Vanil Udyog, Navtad-Vansda.& Exclusive of taxes.

2 Taxes as applicable at the time of delivery shall be charged.
At present following taxes will be charged.

(3) G.S.T @ 18%

WORKS MANAGER
VANIL UDYOG

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૭/૦૬/૨૦૧૬.

**વંચાણે લીધા:**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૯૫/૬૬૩૬/(૭૭)/ચ, તા: ૨૩/૦૯/૧૯૯૭
(૨) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક:એસટીએ/૨૭૫૨/૧૧૭૩/ક, તા.૨/૫/૧૯૬૨
(૩) નાણા વિભાગના પરિપત્ર ક્રમાંક:જીએસટી/૧૦૭૦/૬૨૪૬/ક, તા.૩૦/૧/૧૯૭૧
(૪) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા:૨૮/૦૧/૨૦૦૩
(૫) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા: ૨૧/૦૫/૨૦૦૩
(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૩/ચ, તા.૨૨/૧૧/૨૦૦૬
(૭) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ, તા.૮/૭/૨૦૧૧
(૮) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૨/યુઓઆર/૨૪/ચ, તા: ૨૭/૧૨/૨૦૧૧

**પ્રસ્તાવના:**

પ્રવર્તમાન ખરીદ નીતિ-૧૯૯૭ ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) સામેના તા.૨૩/૦૯/૧૯૯૭ના ઠરાવથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. વર્તમાન પરિપ્રેક્ષ્યમાં સદરહું ખરીદ નીતિના અમલીકરણમાં અનુભવાતી મુશ્કેલીઓ, વિવિધ સંસ્થાઓ, ઉત્પાદક મંડળીઓ, મંડળો, બોર્ડ/નિગમો, ખરીદી કરતા અગ્રગણ્ય ખાતાઓ તથા સરકારના અન્ય ખાતાઓ તરફથી થતી રજૂઆતો, ભારત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ "MAKE IN INDIA" અભિયાન ઉપરાંત રાજ્યના અતિ નાનાં (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો અને બેરોજગાર શિક્ષિતો તરફથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગોને તથા ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંલગ્ન સંસ્થાઓને બજાર સહાય આપવાની કામગીરી કરતા રાજ્યના નિગમો મારફત રાજ્યના લઘુ, કુટિર તેમજ નાના ઔદ્યોગિક એકમો વિગેરેને પૂરતી બજાર સહાય મળી રહે તે સમગ્ર બાબતો ધ્યાને લઇ ગુજરાત રાજય ખરીદ નીતિ-૨૦૧૬ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, અતિ નાના (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમોને પ્રોત્સાહનરૂપ ખરીદ નીતિ-૧૯૯૭, તા.૨૩/૦૯/૧૯૯૭નો ઠરાવ અને તેમાં વખતો વખત બહાર પાડવામાં આવેલા સુધારા-વધારા અંગેના તમામ ઠરાવ/પરિપત્રો આથી રદ કરવામાં આવે છે અને રાજ્યમાં આવેલ અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઉદ્યોગો સહિતના ઔદ્યોગિક એકમો, શિક્ષિત બેરોજગારો તરફથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સંચાલિત સંસ્થાઓ વિગેરેને પ્રોત્સાહનરૂપ તથા બજાર સહાયની

MR SONI-US-IMD

કામગીરી કરતા નિગમો મારફત પણ લઘુ તેમજ કુટિર ઉદ્યોગો વિગેરે સરકારી ખરીદીમાં સીધો જ ભાગ લઇ શકે અને સાથોસાથ રાજ્યના સરકારી વિભાગો, ખાતાઓ, કચેરીઓને વ્યાજબી અને સ્પર્ધાત્મક ભાવે ગુણવત્તાવાળી ચીજવસ્તુઓ મળી રહે તે માટે નીચેની જોગવાઇઓને આધીન "ગુજરાત રાજ્ય ખરીદ નીતિ-૨૦૧૬" પ્રસિધ્ધ કરવામાં આવે છે.

## (૧) મેક ઇન ઇન્ડીયા:

(અ) ભારત સરકારના "MAKE IN INDIA" અભિયાન અંતર્ગત આ ખરીદ નીતિ હેઠળ ખરીદ કરવાની ચીજવસ્તુઓ ભારતમાં ઉત્પાદિત થયેલ હોવી જોઈએ. જરૂરિયાત મુજબની વસ્તુ એવી ટેકનિકલ સ્પેસીફિકેશનની હોય કે જે ભારતમાં ઉત્પાદિત થતી ના હોય અને વિદેશથી ખરીદ કરવી જરૂરી હોય તો તેવા ખાસ કિસ્સામાં સંબંધિત વિભાગના સચિવશ્રીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

(બ) આયાતી ચીજવસ્તુઓ માટે ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (QCI) અથવા ભારતીય માનક બ્યુરો (Bureau of Indian Standard) અથવા ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થાનું ગુણવત્તા પ્રમાણપત્ર (Quality Certificate) હોવું અનિવાર્ય છે.

(ક) આ ખરીદ નીતિ હેઠળ રાષ્ટ્રીય ગુણવત્તા માનાંક/ગુણવત્તા પ્રમાણપત્ર/ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયા (QCI), ભારતીય માનક બ્યુરો (BIS) અથવા ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થાના માપદંડ મુજબની ગુણવત્તાવાળી ચીજવસ્તુઓની ખરીદીને પ્રાધાન્ય આપવાનું રહેશે અને આ અંગેની શરતનો ટેન્ડર ઈન્કવાયરીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(ડ) વિદેશમાં ઉત્પાદિત ચીજવસ્તુઓ પૈકી કોઈ વસ્તુ માટે BIS અને ભારત સરકારની અન્ય સંસ્થાઓ સર્ટીફિકેટ આપતી ન હોય તેવા કિસ્સામાં આંતરરાષ્ટ્રીય માન્ય સંસ્થા પાસેથી અપાયેલ સર્ટીફિકેટ માન્ય ગણાશે.

## (૨) પ્રાઈસ ટેન્ડર ફોર્મની કિંમત ચૂકવવામાંથી તથા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) ભરવામાંથી મુક્તિ અંગેની શરતો:

(અ) રાજયના અતિ નાના (સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો કે જે ટેન્ડર પ્રક્રિયામાં સીધે સીધા જ ભાગ લે અને ખરીદી હેઠળની ચીજવસ્તુઓના ઉત્પાદન માટેનો નોંધણી નંબર ધરાવતા હોય ઉપરાંત સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેકટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર ધરાવતા હોય તેવા એકમો. (વિક્રેતા, એજન્ટ, ડીસ્ટ્રીબ્યુટર કે અન્ય મધ્યસ્થી મારફત સરકારી ખરીદીમાં પરોક્ષ રીતે ભાગ લે તો તેમને આ મુક્તિનો લાભ મળવાપાત્ર નથી).

MR SONI-US-IMD

(બ) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતી હોય, તેનું ખરીદી ગ્રામોદ્યોગ બોર્ડ, ખાદી અને વીલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (કે.વી.આઈ.સી.) અથવા કુટીર ઉદ્યોગનું નોંધણી પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ.

(ક) રાજ્યનાં ઉત્પાદન પ્રવૃત્તિ કરતા નિગમોને ફક્ત ઉત્પાદન કરતી પોતાની જ ચીજવસ્તુઓ માટે જ ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિ., ગુજરાત રાજ્ય ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિ. તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા આ હેતુ માટે માન્ય કરવામાં આવેલ અને વખતો વખત માન્ય કરવામાં આવે તેવા, આ પ્રકારનાં અન્ય નિગમો.

(ડ) પોતાનું ઉત્પાદન ન કરતા પરંતુ રાજ્યના અતિ નાના(સુક્ષ્મ), કુટિર તેમજ લઘુ ઔદ્યોગિક એકમો અને ગ્રામ્ય ઉદ્યોગ વિગેરે માટે બજાર સહાય પુરી પાડતા સરકાર દ્વારા માન્ય કરવામાં આવતા સરકારી નિગમો જેવા કે ગુજરાત ગ્રામોદ્યોગ (ગ્રીમકો) નિગમ લી. વિગેરે.

(ઈ) રાજ્ય સરકાર/કેન્દ્ર સરકાર અથવા તો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા માન્ય સંસ્થાઓ જેવી કે, અંધજન માટેની સંસ્થાઓ, બહેરા-મુંગા માટેની સંસ્થાઓ, અપંગો માટેની સંસ્થાઓ, માનસિક ક્ષતિવાળા બાળકો અને વ્યક્તિઓ માટેની સંસ્થાઓ, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા અન્ય સક્ષમ સત્તાઅધિકારી દ્વારા માન્યતા પ્રાપ્ત મહિલા સ્વસહાય જૂથ અને કુટીર ઉદ્યોગ કમિશનર દ્વારા માન્યતા પ્રાપ્ત ઉત્પાદક સમૂહો કે જેમણે સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાંથી જે તે ચીજવસ્તુના ઉત્પાદન માટે નોંધણી પ્રમાણપત્ર મેળવેલ હોય અને જો સરકારી ખરીદીમાં સીધે સીધા ભાગ લે અને ચીજવસ્તુઓનું પોતે જ ઉત્પાદન કરતા હોવા જોઈએ.

ઉપરોક્ત એકમો સિવાયના ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેનાર એકમો માટે ટેન્ડર ફી તેમજ ઈ.એમ.ડી.ના દર નીચે મુજબના રહેશે.

| ટેન્ડરની કુલ અંદાજીત રકમ | ટેન્ડર ફી રૂા. | ઈ.એમ.ડી. |
|---|---|---|
| રૂ.૨૫ લાખ સુધી | ૧,૫૦૦ | ટેન્ડરની કુલ અંદાજીત કિંમતના ત્રણ ટકા પ્રમાણે |
| રૂ.૨૫ લાખથી વધુ પરંતુ ૫૦ લાખ સુધી | ૨,૫૦૦ | |
| રૂ.૫૦ લાખથી વધુ પરંતુ એક કરોડ સુધી | ૫,૦૦૦ | |
| રૂ.૧ કરોડથી ઉપર | ૧૫,૦૦૦ | |

**નોંધ :** ઈ.એમ.ડી. માન્યતા પ્રાપ્ત બેન્કના ડિમાન્ડ ડ્રાફ્ટ, પે ઓર્ડર, બેંક ગેરેન્ટી પૈકી કોઈપણ એક સ્વરૂપે સ્વીકારવાની રહેશે, ઈ.એમ.ડી. રોકડ સ્વરૂપે સ્વીકારવાની રહેશે નહીં. ઈ.એમ.ડી. અસફળ રહેલ બીડરોને પરત કરવાની થતી હોઈ, બેંક ખાતામાં જમા કરાવવી નહીં.

## (૩) સીક્યોરીટી ડીપોઝીટ:

ટેન્ડર પ્રક્રિયામાં એલ-૧ બીડર (lowest bidder) પેઢી પાસેથી માલસામાનની ખરીદીની કિંમતના પાંચ ટકા લેખે સીક્યોરીટી ડીપોઝીટ લેવાની રહે છે, પરંતુ રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઔદ્યોગિક એકમો જે ઉપરોક્ત પેરા (૨)માં દર્શાવેલ જોગવાઈઓનું પાલન કરતા હોય તો તેઓને રૂપિયા પાંચ લાખ સુધીની ખરીદીમાં સીક્યોરીટી ડીપોઝીટ ભરવામાંથી મુક્તિ રહેશે, પરંતુ રૂપિયા પાંચ લાખથી વધુની ખરીદી હોય તેવા કિસ્સામાં સીક્યોરીટી ડીપોઝીટ પાંચ ટકાના સ્થાને ત્રણ ટકા લેખે ભરવાની રહેશે. તે સિવાયના અન્ય તમામ એકમોએ ખરીદીની કિંમતના પાંચ ટકા સીક્યોરીટી ડીપોઝીટ ભરવાની રહેશે.

| એકમની કેટેગરી | રૂ. ૫ લાખ સુધીની ખરીદી | રૂ. ૫ લાખથી વધુની ખરીદી |
|---|---|---|
| ખરીદ નીતિ મુજબ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. ભરવામાંથી મુક્તિ મેળવતા હોય તેવા એકમો અથવા સંસ્થાને | મુક્તિ | ૩% |
| તે સિવાયના અન્ય તમામ એકમો માટે | ૫% | ૫% |

## (૪) (અ) અતિ નાના (સુક્ષ્મ), કુટીર અને લઘુ ઔદ્યોગિક એકમોને ભાવ પસંદગી:

1 રાજ્યના કુટિર, અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ એકમોને (The Micro, Small & Medium Enterprises Development Act-2006) રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર, લઘુ મધ્યમ તથા મોટા એકમો સામે ૧૦ ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે.

2 રાજ્યના કુટિર, અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ એકમ (The Micro, Small & Medium Enterprises Development Act-2006). પૈકીનું એ કોઇપણ ઉત્પાદિત એકમ મહિલા ધારક (મહિલા પ્રોપ્રાયટર) અથવા ભાગીદારી પેઢીના કિસ્સામાં તમામ ભાગીદાર મહિલા હોય અથવા કંપનીના કિસ્સામાં તમામ શેરધારક મહિલા હોય તેવા એકમોને રાજ્યના મધ્યમ તથા મોટા એકમો સામે તથા અન્ય રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર, લઘુ, મધ્યમ તથા મોટા એકમો સામે ૧૧ ટકા ભાવ પસંદગીનો લાભ મળવાપાત્ર થશે.

3 આ એકમોએ ટેન્ડર પ્રક્રિયામાં સીધે સીધો ભાગ લીધેલ હોય અને ખરીદી હેઠળની ચીજવસ્તુઓનું ઉત્પાદન કરતા હોય અને સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેક્ટર જનરલ ઓફ સપ્લાઈઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર મેળવેલ હોવો જરૂરી છે.

MR SONI-US-IMD

(બ) ગુણવત્તા આધારિત ભાવ પસંદગી:

ગુજરાત રાજ્યના અતિ સુક્ષ્મ, નાના અને કુટિર ઔદ્યોગિક એકમ કે જેણે સી.એસ.પી.ઓ. અથવા રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ નિગમ અથવા ડાયરેકટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડીસ્પોઝલ્સનો નોંધણી નંબર મેળવેલ તેવા એકમોના આઇ.એસ.આઇ./બી.આઇ.એસ./એગમાર્ક ધરાવતાં માલસામાન માટે ૫% વધુ ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે, પરંતુ જે કિસ્સાઓમાં જે તે કાયદા કે નિયમો અન્વયે આવો માર્ક મેળવવાનું ફરજીયાત હોય તેવા કિસ્સાઓમાં આ લાભ મળવાપાત્ર થશે નહી. આ જ પ્રમાણે જે કિસ્સાઓમાં આવા માર્ક ધરાવતી ચીજવસ્તુઓ માટે ભાવ મંગાવવાંમાં આવેલ હોય, તેવા કિસ્સાઓમાં પણ આ કારણસર વધારાના ૫% ભાવ પસંદગી મળવાપાત્ર રહેશે નહી.

(૫) ઉકત ફકરા:(૪)માં દશાવેલ ભાવ પસંદગીના અર્થઘટન માટે નીચે મુજબની સ્પષ્ટતા ધ્યાને લેવાની રહેશે:

ભાવ–પસંદગીને પાત્ર રાજ્યના સૂક્ષ્મ/લઘુ/કુટિર ઉદ્યોગ એકમોએ તેમના ભાવ, L-1 ભાવ સમકક્ષ લાવવાના રહેશે. એજ રીતે મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા એકમોને આપવાની ભાવ પસંદગી તથા ગુણવત્તા આધારિત ભાવ–પસંદગીમાં પણ આ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. એટલે કે, ગુણવત્તા આધારિત પાંચ ટકા ભાવ–પસંદગી ધ્યાનમાં લઇને કોઇપણ કિસ્સામાં પંદર ટકા કરતા વધારે ભાવ–પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી તેમજ ભાવ પસંદગીની જોગવાઇ અન્વયે વધુ કિંમત ચૂકવવી તેવું અર્થઘટન કરવાનું રહેશે નહીં, પરંતુ અન્ય રાજ્યના તમામ એકમો કે રાજ્યના મધ્યમ અથવા મોટા એકમ દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ પૈકી લઘુત્તમ ભાવ (L-1 ભાવ)થી દશ ટકા, અગિયાર ટકા કે પંદર ટકા (જે રીતે લાગુ પડતુ હોય તે રીતે) સુધી વધુ ભાવની ઓફર કરેલ એકમોને ફકત ઓર્ડર આપવાની પ્રક્રિયામાં વિચારણામાં લેવાના રહેશે અને તેવા એકમો જો લઘુત્તમ ભાવ (L-1 ભાવ)થી માલ–સામાન પુરો પાડવા સંમત થાય તો તેમને L-1 ભાવથી ઓર્ડર આપવાનો રહેશે.

(૬) ભાવ મેળવણી (પ્રાઇસ મેચીંગ):

(અ) સૌથી ઓછા ભાવ દર્શાવનાર L-1 એકમ અન્ય રાજ્યનું હોય તો રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), લઘુ, મધ્યમ અથવા મોટા ઔદ્યોગિક એકમોને ભાવ સરખામણી માટે વાટાઘાટો માટે બોલાવવા, ભાવ મેળવણી માટે નેટ પ્રાઇસ ગણતરીમાં લેવાની રહેશે. આવા કિસ્સાઓમાં સરખામણી માટેના પત્રકો ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) સામેના અનુક્રમે નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક:એસપીએ/ ૨૭૫૨/૧૧૭૩/ક, તા.૦૨/૦૫/૧૯૬૨ અને પરિપત્ર ક્રમાંક: જીએસટી/૧૦૭૦/૬૨૪૬/ઠ, તા.૩૦/૦૧/૧૯૭૧ની સૂચનાઓ મુજબ તૈયાર કરવાના રહેશે. (અનુક્રમે પરિશિષ્ટ–ઘ અને પરિશિષ્ટ–ચ)

(બ) જો રાજ્યનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમના ભાવ સાથે મેળવણી કરવા તથા તે મુજબની શરતો અને બોલીઓ માન્ય રાખવા સંમત થાય તો કુલ જથ્થાના ૫૦ ટકા ઓર્ડર રાજ્યના પ્રથમ સૌથી ઓછા ભાવ દર્શાવનાર ઔદ્યોગિક એકમને મળવાપાત્ર થશે.

(ક) જો રાજ્યનું સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ એકમ ઉપર પેરા-૬(બ) મુજબ ભાવ મેળવણી માટે તૈયાર થાય નહી તો આવા કિસ્સાઓમાં કુલ માંગના ૫૦ ટકા જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર બીજા એકમને અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમના ભાવપત્રકની શરતો અને બોલીઓ મુજબ મળવાપાત્ર થશે.

(ડ) ઉપર પેરા-૬(બ) અને પેરા-૬(ક)માં દર્શાવ્યા મુજબ જો રાજ્યના એકમો કુલ માંગનો ૫૦ ટકા જથ્થો પુરો પાડી શકે તેમ ન હોય તેવા કિસ્સાઓમાં આ ૫૦ ટકા જથ્થાનો ઓર્ડર રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર પ્રથમ, દ્વિતિય અને તૃતીય એકમોને સરખા ભાગે અન્ય રાજ્યના સૌથી ઓછા ભાવ દર્શાવનાર એકમની શરતો અને બોલીઓને આધીન મળવાપાત્ર થશે.

(ઇ) અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ એકમોને ભાવ મેળવણી કરવામાં અગ્રિમતા આપવાની રહેશે.

## (૭) રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટીર અને લઘુ ઉદ્યોગો માટે આરક્ષણ:

(અ) રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના આરક્ષણની યાદી આ ઠરાવ સાથેના પરિશિષ્ટ 'ક', 'ખ' અને 'ગ' મુજબ રહેશે.

(બ) ભારત સરકારની ખરીદ નીતિમાં અતિ નાના અને લઘુ ઉદ્યોગો માટે ૩૫૮ ચીજવસ્તુઓ આરક્ષિત કરેલ છે, જેનો સમાવેશ આ ઠરાવ સાથેના પરિશિષ્ટ 'ક', 'ખ' અને 'ગ' માં કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ-ક: સમગ્ર દેશના અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમ માટે આરક્ષિત ૧૩૪ ચીજવસ્તુઓ
પરિશિષ્ટ-ખ: રાજ્યના અતિ નાના (સુક્ષ્મ) અને લઘુ ઔદ્યોગિક એકમો માટે આરક્ષિત ૧૮૮ ચીજવસ્તુઓ
પરિશિષ્ટ-ગ: રાજ્યના કુટીર ઉદ્યોગ માટે આરક્ષિત ૩૭ ચીજવસ્તુઓ

## (૮) વિના ટેન્ડરે ખરીદી:

વિના ટેન્ડરે ખરીદી માટેનું વર્ગીકરણ નીચે મુજબ રહેશે.

કક્ષા: (ક) સરકારી સંસ્થાઓ

(૧) જેલ

(૨) ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ લિ.(ગ્રીમકો)

(૩) ગુજરાત રાજ્ય વન વિકાસ લિ. (વનીલ ઉદ્યોગ)

MR.SDNI-US-IMD

(૪) ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિ.(ગુર્જરી)

(૫) ગુજરાત રાજ્ય ઘેટા અને ઉન વિકાસ નિગમ લિ.(ગુશીલ)

(૬) ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ.(નિગમ દ્વારા ઉત્પાદિત જંતુનાશક દવાઓ તથા અનાજ ભરવાના પીપ માટે જ)

**નોંધ: આ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે.**

<u>કક્ષા: (ખ) સરકાર માન્ય સંસ્થાઓ</u>

(૧) ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ/ખાદી અને વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન લિ.(કેવીઆઈસી) દ્વારા માન્ય સંસ્થાઓ.

(૨) અંધજન માટેની સંસ્થાઓ

(૩) અપંગો માટેની સંસ્થાઓ

(૪) માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓ

(૫) નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અથવા અન્ય સક્ષમ સત્તા અધિકારી દ્વારા માન્યતા ગ્રામ મહિલા સ્વસહાય જૂથ

(૬) રાજ્યના કુટીર ઉદ્યોગ કમિશનર દ્વારા માન્યતા ગ્રામ ઉત્પાદિત સમૂહો

નોંધ: આ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી કરી શકાશે.

## (૯) નાણાંકીય મર્યાદા:

ઉપર પેરા–૮માં વર્ગીકૃત કરાયેલ સંસ્થાઓ/નિગમો પાસેથી નીચે દર્શાવેલ નાણાંકીય મર્યાદામાં જ વિના ટેન્ડરે ખરીદી કરી શકાશે.

(૧) કક્ષા:ક હેઠળ દર્શાવેલ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી રૂ.૫,૦૦,૦૦૦ની <u>મર્યાદામાં ભાવપત્રક(ક્વોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે.</u>

(૨) કક્ષા–ખ હેઠળ દર્શાવેલ સંસ્થાઓ દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની ખરીદી રૂ.૨,૦૦,૦૦૦ની મર્યાદામાં ભાવપત્રક (ક્વોટેશન) મેળવ્યા સિવાય કરી શકાશે. રૂ.૨,૦૦,૦૦૦ થી રૂ.૫,૦૦,૦૦૦ સુધીની ખરીદી ટચૂકડી જાહેર ખબર આપી કક્ષા–ખ હેઠળ દર્શાવેલ સંસ્થાઓ પાસેથી ખુલ્લા ટેન્ડર મેળવીને ખરીદી કરી શકાશે, પરંતુ આવા ટેન્ડર ત્રણ કરતા ઓછા હશે તો તે માન્ય ગણાશે નહીં.

(૩) કક્ષા (ક) અને (ખ) હેઠળ દર્શાવેલ સંસ્થાઓ/નિગમો દ્વારા જે ચીજવસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવતું હોય અથવા જે ચીજવસ્તુઓના વેચાણ માટે માન્યતા મેળવેલ હોય તેવી જ ચીજવસ્તુઓની વાર્ષિક રૂ.૫,૦૦,૦૦૦/–થી વધુ રકમની ખરીદી વર્તમાનપત્રોમાં વિગતવાર

જાહેરખબર આપીને કરી શકાશે અને આવી ખરીદી માટે લંચાણે લીધેલ ક્રમ(૬) અને ક્રમ(૭) સામેના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ અને તા.૮/૭/૨૦૧૧ના ઠરાવો મુજબ ઇ-ટેન્ડરીંગ પદ્ધતિનો ફરજીયાતપણે અમલ કરવાનો રહેશે.

માન્ય સંસ્થાઓને માન્યતા આપતા આદેશોમાં જે આઇટમોનો ઉલ્લેખ થયેલ હોય તે આઇટમ પુરતી ઉપર દર્શાવેલ મર્યાદામાં વગર ટેન્ડરે ખરીદી થઇ શકશે. જે નિગમ/સંસ્થા માટે જે તે આઇટમ પૂરતો વિભાગ તરફથી ખાસ આદેશ આપવામાં આવેલ છે તે યથાવત રહેશે.

આ ખરીદીઓ અંદાજપત્રની જોગવાઇને આધીન કરવાની રહેશે.

## (૧૦) આરક્ષણમાંથી મુક્તિ:

રાજ્યના અતિ નાના (સુક્ષ્મ), કુટિર અને લઘુ ઔદ્યોગિક એકમો માટે આરક્ષિત ચીજવસ્તુઓનો સમાવેશ પરિશિષ્ટ 'ક', 'ખ', અને 'ગ' માં કરવામાં આવેલ છે. પરંતુ આ કારણે સારી ગુણવત્તા ધરાવતા માલસામાનની ખરીદી કરવામાં અથવા યોગ્ય હરીફાઈ ન થવાના કારણે મુશ્કેલી જણાય અથવા અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા કિસ્સાઓમાં ખરીદકર્તા કચેરીએ આરક્ષણમાંથી મુક્તિ માટે સચિવશ્રીઓની ખરીદ સમિતિ(SPC)ની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

## (૧૧) ભાવ કરાર:

(૧) ઉદ્યોગ કમિશનર અને મધ્યસ્થ સરંજામ ખરીદી અધિકારી (IC&CPO)ને વાર્ષિક ભાવ કરાર (Rate Contract)ની કામગીરી કરવા માટે આથી અધિકૃત કરવામાં આવેલ છે, આ સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર હેઠળ સીધી ખરીદી કરવા માટે નીચે મુજબની મંજૂરીને આધીન ખરીદી કરી શકશે. સી.એસ.પી.ઓ.ના ભાવ કરાર અંગેની ટેન્ડર પ્રક્રિયામાં સ્પર્ધાત્મકતા થાય તેવા હેતુને ધ્યાને લેતાં ઇ.એમ.ડી.ની મહત્તમ મર્યાદા રૂ.દશ લાખ અને સીક્યોરીટી ડીપોઝીટની મહત્તમ મર્યાદા રૂ.વીશ લાખ રાખવાની રહેશે.

(અ) સરકારી કચેરીઓ:

અંદાજપત્રની જોગવાઇઓને આધીન ભાવ કરાર હેઠળ રૂપિયા એક લાખ સુધીની સીધી ખરીદી કરી શકાશે.

(બ) ખાતાના વડાની કચેરીઓ:

અંદાજપત્રની જોગવાઇઓને આધીન એક લાખથી વધુ અને એક કરોડ સુધીની સીધી ખરીદી કરી શકાશે.

(ક) વહીવટી વિભાગો:

અંદાજપત્રની જોગવાઇઓને આધીન એક કરોડથી વધુ અને પાંચ કરોડ સુધીની સીધી ખરીદી વિભાગની મંજૂરીથી કરી શકાશે.

(ડ) રૂ.પાંચ કરોડથી વધુ કિંમતમાં આવતી ચીજવસ્તુની ખરીદી માટે સેક્રેટરી પરચેઝ કમિટી (SPC)ની મંજૂરી લેવાની રહેશે.

(૨) ભારત સરકારના DGS&D દ્વારા પણ વિવિધ ચીજવસ્તુઓના ભાવ કરાર કરવામાં આવે છે, DGS&Dના ભાવ કરાર હેઠળ રૂ.પાંચ લાખની મર્યાદામાં સીધી ખરીદી કરી શકાશે, પરંતુ રૂ.પાંચ લાખથી વધુ રકમની ખરીદી માટે પેરા-૧૩માં દર્શાવેલ ખરીદ સમિતિઓની મંજૂરી મેળવવાની રહેશે.

(૩) ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (GMSCL), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ (GIL) દ્વારા પણ કેટલીક ચીજવસ્તુઓના ભાવ કરાર કરવામાં આવે છે. ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (GMSCL), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર મુજબ ખરીદી બજેટની જોગવાઇ અને નાણાંકીય સત્તા સોંપણીની મર્યાદામાં વિના ટેન્ડરે કરી શકાશે. ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લીમીટેડ (G.M.S.C.L), ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર અંગેની નીતિ જે તે વહીવટી વિભાગે પ્રસ્તુત ખરીદ નીતિને સુસંગત તૈયાર કરવાની રહેશે.

ભારત સરકારના DGS&D તથા ગુજરાત સરકારના CSPO, ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ (GMSCL), અને ગુજરાત ઈન્ફોરમેટીક લીમીટેડ(GIL)ના ભાવ કરાર સિવાય અન્ય કોઇ ભાવ કરાર હેઠળ વિના ટેન્ડરની ખરીદી થઇ શકશે નહી. દા.ત. ભાવ કરાર, રેટ કોન્ટ્રાક્ટ કે અન્ય કોઇ નામ હેઠળના કોન્ટ્રાક્ટ કે જે કેન્દ્રીય ભંડાર, નેશનલ કન્ઝયુમર કો-ઓપરેટીવ ફાઉન્ડેશન (NCCF) કે અન્ય કોઇ સંસ્થા દ્વારા કરવામાં આવેલ હોય તો તે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્ય નથી અને તેઓ પાસેથી વિના ટેન્ડરે સીધી ખરીદી થઇ શકશે નહી.

## (૧૨) બ્રાન્ડેડ આઇટમની ખરીદી:

સામાન્ય રીતે કોઇ ચોક્કસ આઇટમ માટે એક જ ઉત્પાદક બજારમાં ઉપલબ્ધ હોય અને સદર ચોક્કસ આઇટમની વિશિષ્ટ જરૂરિયાત હોય તેવા કિસ્સામાં બ્રાન્ડેડ આઇટમની ખરીદી કરવી યોગ્ય રહે. અન્યથા સમાન સ્પેસીફિકેશન ધરાવતી બ્રાન્ડ વચ્ચે સ્પર્ધા થાય તેવું લીમીટેડ ટેન્ડર કરવું ઇચ્છનીય છે તેમજ બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે સંબંધિત ખાતા/વિભાગના સચિવશ્રીનું ટેકનીકલ સ્પેસીફિકેશન અને ભાવના વ્યાજબીપણાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

નોંધ: બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદી માટે નીચેની શરતો પરિપૂર્ણ થતી હોવી જોઇશે.

(અ) બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદવા માટે જે-તે વિભાગના સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ અધિક મુખ્ય સચિવશ્રીનું પ્રમાણપત્ર તથા બજેટ જોગવાઇ અને વહીવટી મંજૂરીની નકલ.

(બ) બ્રાન્ડેડ ચીજવસ્તુઓ ખરીદી માટેની તાંત્રિક યથાર્થતા (ટેકનીકલ જસ્ટીફીકેશન રીપોર્ટ) તથા ખાતાના વડાની સ્પષ્ટ ભલામણ.

(ક) બ્રાન્ડેડ ચીજવસ્તુઓની ખરીદીની શરતો અને સંબંધિત સાહિત્ય અને ભાવની યથાર્થતા અંગેની વિગત.

MR SONI-US-IMD

(ડ) ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તો ટેન્ડર ઈન્કવાયરીની વિગત અને કેસની ગુણવત્તા અનુસાર અન્ય સંબંધિત માહિતી.

## (૧૩) ખરીદ સમિતિઓ અને તેની સત્તા મર્યાદાઓ:

(અ) ખરીદ નીતિના અમલીકરણ માટે નીચે મુજબની ખરીદ સમિતિઓ રહેશે.

(૧) ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (DPC):

| | | |
|---|---|---|
| ૧ | ખાતાના વડા | અધ્યક્ષ |
| ૨ | નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા, વહીવટી વિભાગના પ્રતિનિધિ | સભ્ય |
| ૩ | સિનિયર હિસાબી અધિકારી | સભ્ય |
| ૪ | વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના અધિકારી | સભ્ય |
| ૫ | વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા સિનિયર અધિકારી | સભ્ય સચિવ |
| ૬ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

(૨) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટી (SDPC):

| | | |
|---|---|---|
| ૧ | સંબંધિત વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨ | સંબંધિત વિભાગના નાણાકિય સલાહકાર | સભ્ય |
| ૩ | નાયબ ઉદ્યોગ કમિશ્નર અથવા વર્ગ-૧ થી ઉતરતી કક્ષાના ન હોય તેવા, મધ્યસ્થ સરંજામ ખરીદતંત્રના પ્રતિનિધિ | સભ્ય |
| ૪ | સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી અથવા ખાતાના વડા | સભ્ય સચિવ |
| ૫ | જરૂર હોય તો તકનિકી નિષ્ણાત | આમંત્રિત |

(૩) સેક્રેટરી પરચેજ કમિટી (SPC):

૧ માંગ પત્રક રજૂ કરનાર કચેરીના વહીવટી વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી

૨ ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી

૩ સરકારના નાણા વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી

૪ સંબધિત વિભાગની વિભાગીય ખરીદ સમિતિના વડા

૫ અધિક ઉદ્યોગ કમિશ્નર (સ.ખ.), ઉદ્યોગ કમિશનરની કચેરી – સભ્ય સચિવ

૬ જરૂર હોય તો તકનિકી નિષ્ણાત (આમંત્રિત

MR SONI-US-IMD

(બ) ખરીદ સમિતિની ખરીદીની મંજૂરી અંગેની નાણાકિય મર્યાદા નીચે મુજબ રહેશે.

(૧) ડીપાર્ટમેન્ટલ પરચેજ કમીટી (DPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ. ૭૫,૦૦,૦૦૦/- સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ. ૧૦,૦૦,૦૦૦/- સુધી |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ. ૫,૦૦,૦૦૦/- સુધી |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦/- સુધી |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | સત્તા નથી |

(૨) સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેજ કમિટિ (SDPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ.૭૫,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫,૦૦,૦૦,૦૦૦ સુધી |
| ૨ | સોલીટરી ઓફર | રૂ.૧૦,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫૦,૦૦,૦૦૦ સુધી |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ.૫,૦૦,૦૦૦ થી વધુ અને રૂ.૫૦,૦૦,૦૦૦ સુધી |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦થી વધુ અને રૂ.૩૦,૦૦,૦૦૦ સુધી |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | રૂ.૧૦,૦૦,૦૦૦ સુધી |

(૩) સેક્રેટરી પરચેજ કમિટી (SPC):

| ક્રમ | ખરીદીનો પ્રકાર | ખરીદીની મંજૂરી અંગેની નાણાંકીય મર્યાદા |
|---|---|---|
| ૧ | સામાન્ય ખરીદી | રૂ. ૫,૦૦,૦૦૦,૦૦/- થી વધુ |
| ૨ | સોલીટરી ઓફર | રૂ. ૫૦,૦૦,૦૦૦/- થી વધુ |
| ૩ | રિપીટ ઓર્ડર | રૂ. ૫૦,૦૦,૦૦૦/- થી વધુ |
| ૪ | તત્કાલ(ઇમરજન્સી) ખરીદી | રૂ, ૩૦,૦૦,૦૦૦/- થી વધુ |
| ૫ | બ્રાન્ડેડ ખરીદી | રૂ. ૧૦,૦૦,૦૦૦/- થી વધુ |

ઉપર વંચાણે લીધેલ ક્રમ (૪), (૫) અને (૮) સામે દર્શાવેલ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮/૧/૨૦૦૩, તા.૨૧/૫/૨૦૦૩ અને તા.૨૭/૧૨/૨૦૧૧ના ઠરાવથી ખરીદ સમિતિઓની રચના અને આવી સમિતિઓને આપવામાં આવેલ નાણાકિય સત્તાઓ અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે, તેમાં ઉપર મુજબ ફેરફાર કરવામાં આવે છે, પરંતુ સદરહુ ઠરાવની અન્ય શરતો અને ત્યારબાદ વખતોવખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓ યથાવત રહેશે.

MR SONI-US-IND

નોંધ:

(I) સોલીટરી ઓફર: સોલીટરી ઓફર એટલે કે એક જ ટેન્ડર મળેલ હોય અને/અથવા તાંત્રિક ચકાસણીમાં માત્ર એક જ ટેન્ડર સ્વીકાર્ય રહેતું હોય તેવા કિસ્સામાં પણ બીડર પેઢીનું ફાયનાન્સીયલ બીડ ઓપન કરવાનું રહે છે. સોલીટરી ઓફર અથવા સ્પર્ધા મર્યાદિત થયેલ હોય તેવા કિસ્સામાં ખરીદી અંગેના આખરી નિર્ણય માટે ભાવના વાજબીપણાનો આધાર લેવાનો રહેશે. બીડર પેઢીઓ દ્વારા ઓફર કરવામાં આવેલ ભાવ સામે તે જ ચીજવસ્તુઓના બજારભાવ (માર્કેટસર્વે), ટેન્ડર પ્રસિધ્ધ કરનાર કચેરી-ઇન્ડેન્ટર કચેરીની છેલ્લી ખરીદીની વિગતો, બીડર પેઢી દ્વારા આ ચીજવસ્તુઓ કયા ભાવે સપ્લાય કરે છે તેની વિગત માટે સાયન્ટીફિક માર્કેટસર્વે કરી ભાવના વાજબીપણાનો અભિપ્રાય સાથે ખરીદી અંગેનો એજન્ડા જે તે સમિતિ સમક્ષ નિર્ણય અર્થે રજૂ કરવાનો રહેશે.

(II) રિપિટ ઓર્ડર: ટેન્ડર પ્રક્રિયા અનુસર્યા સિવાય મૂળ ઓર્ડરની સામે બીડર પેઢી પાસેથી રીપીટ ઓર્ડર નીચેની શરતોને આધીન આપી શકાશે.

(ક) મૂળ ઓર્ડરની તારીખથી છ માસની અંદર અથવા નાણાકીય વર્ષ પુરુ થાય તે પહેલાં અને માત્ર એક જ વખત રીપીટ ઓર્ડર આપી શકાશે, પરંતુ આવા દરેક પ્રસંગે સાથોસાથ જ નવા ટેન્ડર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી શરૂ કરવાની રહેશે.

(ખ) ઓરીજીનલ ટેન્ડર સ્વીકૃતિ પત્રથી ખરીદી માટે આપવામાં આવેલ ઓર્ડરના ૫૦% અથવા તેથી ઓછા જથ્થાની ખરીદી કરી શકાશે.

(ગ) રીપીટ ઓર્ડર હેઠળ ચીજવસ્તુઓની ખરીદી કરનાર કચેરીએ મૂળ ઓર્ડર હેઠળ જે માલની ખરીદી કરેલ છે તે માલની પ્રવર્તમાન બજાર કિંમતમાં ઘટાડો થયેલ નથી તથા ટેક્નોલોજી અપગ્રેડેશન થયેલ નથી તે બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(III) તત્કાલ (ઇમરજન્સી) ખરીદી:

(ક) એકવીશ(૨૧) દિવસથી ઓછા દિવસ માટે ટેન્ડર પ્રસિધ્ધ થયેલ હોય તેવી ખરીદીને તત્કાલ (ઇમરજન્સી) ખરીદી ગણવાની રહેશે.

(ખ) તત્કાલ ખરીદીના કિસ્સામાં ટેન્ડર પ્રસિધ્ધિનો સમયગાળો ઓછામાં ઓછો સાત દિવસનો હોવો જોઇશે.

(ગ) તત્કાલ ખરીદીના કિસ્સામાં સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ તત્કાલ ખરીદીની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(ઘ) અસાધારણ પ્રકારની તત્કાલ ખરીદી જેવી કે રોગચાળો, કુદરતી આપત્તિ, રમખાણો વગેરેના સંજોગોમાં ટેન્ડર પ્રસિધ્ધનો સમયગાળો સાત દિવસથી ઓછો રાખવા માટે સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી દ્વારા તત્કાલ ખરીદીના પ્રમાણપત્રમાં ખાસ સંજોગો અને ખરીદીની યથાર્થતા દર્શાવતા કારણોની નોંધ કરવાની રહેશે.

(૧૪) અમલીકરણ:

(અ) આ નીતિનો અમલ રાજ્ય સરકારના વિભાગો, ખાતાના વડાઓ, કચેરીઓ, ઓથોરીટી, સરકારમાંથી ગ્રાન્ટ મેળવતા બોર્ડ/નિગમો સોસાયટીઓ વિગેરેએ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(બ) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ પોતાની ખરીદ નીતિ, આ ખરીદ નીતિને સુસંગત તૈયાર કરવાની રહેશે.

(ક) વંચાણે લીધેલ ક્રમ:૧ સામેના તા.૨૩/૯/૧૯૯૭ના ઠરાવ રદ થવા છતાં સદરહુ ઠરાવની જોગવાઇને આધીન વિભાગ દ્વારા વિના ટેન્ડરે ખરીદી માટે વ્યક્તિગત કિસ્સામાં આપવામાં આવેલ માન્યતા અંગેના હુકમો, તેવા હુકમોમાં દર્શાવેલ શરતોને આધીન, તેવા હુકમમાં દર્શાવેલ સમય–મર્યાદા સુધી અમલમાં રહેશે.

(ડ) આ નીતિના અમલીકરણમાં થતાં ભંગ અંગે ઉદ્યોગ કમિશનર તરફથી ચકાસણી કરી તે અંગેનો અહેવાલ સરકારશ્રીના જે તે વહીવટી વિભાગને મોકલવામાં આવશે, અને સંબંધિત વહીવટી વિભાગે તેમના અભિપ્રાય સાથેનો અહેવાલ ઉદ્યોગ અને ખાણ વિભાગને મોકલવાનો રહેશે અને આ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

(ઇ) આ નીતિના અમલીકરણમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે ઉદ્યોગ અને ખાણ વિભાગનો પરામર્શ કરવાનો રહેશે અને ઉદ્યોગ અને ખાણ વિભાગનું અર્થઘટન અંતિમ અને બંધનકર્તા રહેશે.

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૯/૧૦/૨૦૧૫, ૨૨/૨/૨૦૧૬, ૨૬/૦૪/૨૦૧૬ અને તા.૧/૬/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર આર. સોની)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ

1. *માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
2. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
3. તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
4. તમામ માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
5. તમામ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર
6. માન.અધ્યક્ષશ્રી, કાર્યક્રમ અમલીકરણ સમિતિના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
7. માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

MR SONI-US-IMD

૨૧/મ.પિ.

વન વિકાસ નિગમના અગ્રગણ્ય નામાંકિત ગ્રાહકોની યાદી

| અ.નં. | ફર્નિચર તથા રીનોવેશન કામગીરી કરાવનાર સહકારી વિભાગ/સંસ્થા/ એજન્સીનું નામ | કામગીરીની વિગત | કામગીરીનું વર્ષ | કામની અંદાજીત રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, ગુ.રા.ગાંધીનગર | સ્કૂલ બેન્ચીસ | ૨૦૦૫ થી ૨૦૧૫ | ૧૭૦૮૫ |
| ૨. | આંબેડકર ભવન, ગાંધીનગર, મહેસાણા, સામાજીક ન્યાય અને અધિકારીતા | ફર્નિચર | ૨૦૦૭ | ૨૫.૦૦ |
| ૩. | સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર | સ્કૂલ બેન્ચ | ૨૦૧૧-૧૨ | ૨૮ |
| ૪. | મધ્ય ગુજરાત વીજ કં. લિ. વડોદરા | ફર્નિચર | ૨૦૦૮ | ૫૦.૦૦ |
| ૫. | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન | ફર્નિચર | ૨૦૦૮ | ૨૯૫.૦૦ |
| ૬. | ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ ડેવલપમેન્ટ રેસીડન્સી એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર | ફર્નિચર/બેન્ચીસ | ૨૦૦૯ | ૨૮૫ |
| ૭. | વન વિભાગ, ગુ.રા. અરણ્યભવન, ગાંધીનગર | ફર્નિચર તથા રીનોવેશન | ૨૦૦૯-૧૦ | ૫૬૦ |
| ૮. | ડીસ્ટ્રીકટ કોર્ટ, સુરત, ગીર ગઢડા (સોમનાથ) | ફર્નિચર | ૨૦૧૬-૧૮ | ૫૦ |
| ૯. | નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી વિભાગ | ફર્નિચર | ૨૦૧૫ | ૪૦ |
| ૧૦. | સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત | ફર્નિચર | ૨૦૧૩-૧૪ | ૫૦ |
| ૧૧. | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | ફર્નિચર/સાઇઝ | ૨૦૧૧ | ૧૦ |
| ૧૨. | જી.એમ.ડી.સી. અમદાવાદ | ફ્રેમ-શટર્સ | ૨૦૧૪-૧૫ | ૧૦૦ |
| ૧૩. | આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ | ફર્નિચર | ૨૦૧૫-૧૮ | ૨૫ |
| ૧૪. | એસ.વી.એન.આઇ.ટી. કોલેજ, સુરત | ફર્નિચર | ૨૦૧૦-૧૮ | ૨૦ |
| ૧૫. | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ વિભાગ, ગુ.રા.ગાંધીનગર | રીનોવેશન | ૨૦૧૨ | ૧૦૫ |
| ૧૬. | નિયામકશ્રી, ખાંડની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર | રીનોવેશન | ૨૦૧૨ | ૧૫ |
| ૧૭. | સુજલામ સુફલામ, કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર | રીનોવેશન | ૨૦૧૩-૧૬ | ૨૫૦ |
| ૧૮. | મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા | ફર્નિચર | ૨૦૧૨-૧૩ | ૧૦૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. | કાર્યપાલક ઇજનેરશ્રી, ઉકાઇ સિંચાઇ વિભાગ તેમજ ગોધરા સિંચાઇ વિભાગ | રીનોવેશન | ૨૦૧૪-૧૫ | ૮૫ |
| ૨૦. | ગુજરાત ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી, ગાંધીનગર | ફર્નિચર | ૨૦૧૬ | ૧૪૧.૦૦ |
| ૨૧. | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર | રીનોવેશન | ૨૦૧૬-૧૭ | ૬૫.૦૦ |
| ૨૨. | ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર | ફર્નિચર | ૨૦૧૬ | ૧૦ |
| ૨૩. | જી.આઇ.એફ.એસ. સોસાયટી, અમદાવાદ | રીનોવેશન | ૨૦૧૭ | ૨૧ |
| ૨૪. | વન વિભાગ, ગુ.રા. ગાંધીનગર | રીનોવેશન | ૨૦૦૯-૧૮ | ૩૧૪ |
| ૨૫. | જીપીસીબી પર્યાવરણ ભવન, ગાંધીનગર | | ૨૦૧૮ | ૭૪ |
| ૨૬. | જીપીસીબી પ્રાદેશિક કચેરી નડીયાદ, વાપી તથા રાજકોટ | રીનોવેશન | ૨૦૧૮ | ૧૯૫ |
| ૨૭. | એસ.વી.એન.આઇ.ટી. કોલેજ, સુરત | ફર્નિચર | ૨૦૧૦-૧૮ | ૨૦ |
| ૨૮. | ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ, રાજપીપળા | ફર્નિચર | ૨૦૧૮-૧૯ | ૧૬ |
| ૨૯. | નાયબ વન સંરક્ષકશ્રી, વન્ય પ્રાણી વિભાગ, વડોદરા | રીનોવેશન | ૨૦૧૮-૧૯ | ૨૨ |
| ૩૦. | ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર | ફર્નિચર | ૨૦૧૮ | ૦૫ |
| ૩૧. | એકલવ્ય મોડલ રેસીડેન્ડીયલ સ્કૂલ | ફર્નિચર | | |
| ૩૨. | કાર્યપાલક ઇજનેરશ્રી, ડ્રેનેજ ડીવીઝન સ્ટેટ વોટર ડેટા સેન્ટર, ગાંધીનગર | | ૨૦૧૬ | ૮૭.૦૦ |